# અરવલ્લી જિલ્લામાં હનુમાન મંદિરોમાં હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી

## સાકરીયામાં સૂતેલા હનુમાનજીની અલભ્ય મૂર્તિના દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ ઉમટી : મારૂતિયજ્ઞ યોજાયો : લાખ્ખો ભાવિકભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો

મોડાસા, તા. ૧૧

મંગળવારે ત્રણ વર્ષ બાદ હનુમાન જયંતિના યોગ સર્જાતા અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઠેર ઠેર હનુમાનજી મંદિરે વહેલી સવારથી જ દર્શનનો લ્હાવો લેવા ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. મોડાસા તાલુકાના સાકરીયા ગામે સ્વયંભૂ સૂતેલા હનુમાનદાદાની અલભ્ય મૂર્તિ અને મંદિરને ફૂલોથી અને રોશનીથી શણગારવાની સાથે મારૂતિયજ્ઞમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લઈ મહાપ્રસાદ આરોગી ધન્ય બન્યા હતા.





અરવલ્લી અને સાબરકાંઠા બન્ને જિલ્લાઓમાં ચૈત્ર સુદ-પૂનમે વિવિધ દેવસ્થાનોમાં હનુમાન જયંતિની ઉમંગ અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોડાસા તાલુકાના ટીંટોઈ, ઈટાડી, લિંભોઈ શનિદેવ મંદિર, દધાલિયા પાસે આવેલ ઠકરાઈ માતાના મંદિરે તેમજ મોડાસા તાલુકાના સુપ્રસીદ્ધ સાકરીયા ભીડભંજન હનુમાનજી મંદિરે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સાકરીયા હનુમાન મંદિરમાં હનુમાન જયંતિ નિમિત્તે યોજાયેલા મારૂતિયજ્ઞમાં ૬૫ યુગલોએ હવનનો લાભ લીધો હતો. હનુમાનદાદાને ૩૧ કિલો સુદ્ધ માવાની કેક કાપી જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સાકરીયા સૂતેલા હનુમાને લાખ્ખો શ્રદ્ધાળુઓ હનુમાન દાદાના દર્શનાર્થે ઉમટી પડે છે અને તમામ શ્રદ્ધાળુઓને મંદિર પરિસરમાં મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

હિંમતનગર તાલુકાના ઈલોલ અને સરોલી ખાતે હનુમાન જયંતિની ઉજવણી ભક્તિભાવપૂર્વક કરવામાં આવી હતી. ઈલોલના નિચવા વિરબાલા હનુમાનજી મંદિર ખાતે ૪૦મા વાર્ષિક ઉત્સવ અંતર્ગત હોમાત્મક, લઘુરૂદ્ર મહાઆરતી તથા મહાપ્રસાદનો ભક્તોએ લાભ લીધો હતો.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના હનુમાનજી દાદાના મંદિરોને રોશનીથી શણગારાતા ઝળહળી ઉઠ્યા હતા. તમામ મંદિરોમાં વહેલી સવારથી છેક મોડી રાત્રી સુધી હનુમાન ભક્તોએ હનુમાન દાદાના દર્શનનો લાભ લઈ મંદિર પરિસર દ્વારા યોજાયેલા વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં જોડાયા હતા.



**મેઘરજમાં હનુમાન જયંતિ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શોભાયાત્રા**

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં મંગળવારના રોજ હનુમાન જયંતિ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ મેઘરજ તાલુકા પ્રખંડ અને અરવલ્લી જિલ્લાના કાર્યકરો તેમજ લોકો દ્વારા ડી.જે. સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મેઘરજમાં હનુમાન જયંતિ નિમિત્તે મંગળવારના રોજ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજિત ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ડી.જે. અને બાઈકો તેમજ કેસરી ધજાઓ સાથે શોભાયાત્રાનું પ્રસ્થાન વાસણા જલારામ મંદિરે હનુમાન ચાલીસા કર્યા બાદ કરવામાં આવ્યું હતું અને આ શોભાયાત્રા મેઘરજ નગરમાં થઈ પહાડીયા(મે) હનુમાનજી મંદિર સુધી લઈ જવામાં આવી હતી અને હનુમાનજી મંદિર ખાતે પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

# જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મહેસાણા દ્વારા નેશનલ લોક અદાલત યોજાઈ

મહેસાણા, તા.૧૧

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ મહેસાણા દ્વારા રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા અદાલત તેમજ તાલુકા કક્ષાએ તમામ તાલુકા કોર્ટોમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. લોક અદાલતમાં સમાધાનપાત્ર ફોજદારી કેસો, મોટર એક્સીડન્ટ ક્લેઈમ પીટીશન, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ચેક રીટર્નના કેસો, દેવા વસુલાતને લગતા દિવાની તકરારના કેસો તથા અન્ય પ્રકારના સમાધાન લાયક કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

લોક અદાલતમાં ૩૯ મોટર અકસ્માત વળતરના કેસોમાં ૮૪,૧૧,૫૦૦નું વળતર, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના ૩૬૦ કેસો તેમજ ૩૬ પ્રિલીટીગેશન કેસોનો નિકાલ કરી રૂ,૩,૨૫,૫૩૦ના વળતરનો હુકમ કરવામાં આવેલ છે. મહેસાણા ખાતે યોજાયેલ નેશનલ લોક અદાલતમાં ૧૭૬૯ કેસોનો નિકાલ કરી ૮૭.૩૭ લાખનું વળતર આપવામાં આવ્યું છે તેમ પી.એમ.અટોદરીયા સેક્રેટરી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળે જણાવાયું છે.

# મેઘરજ તાલુકાના જંગલ વિસ્તારમાં એક દિવસમાં બે જગ્યાએ આગ

મેઘરજ, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના જંગલોમાં વારંવાર આગ લાગવાના બનાવો બને છે ત્યારે સોમવારના રોજ સાંજના સમયે જંગલમાં અચાનક આગ લાગતા લોકોના ટોળે ટોળા ઉમટ્યા હતા અને આગ લાગ્યાની જાણ વન વિભાગ તંત્રને થતા તાબડતોડ સ્થાનિક વનપાલ મેઘરજ, વન સંરક્ષક બેડજ તેમજ તંત્રના અન્ય માણસો ઘટનાસ્થળે પહોંચી અડધો કલાકની ભારે જહેમત બાદ આગ કાબુમાં આવી હતી અને આગમાં જંગલના આશરે દોઢ હેક્ટર ચો. મીટરમાં આગ ફેલાઈ હતી અને આશરે ૩૫૦ જેટલા રોપાઓ અને વનરાજી બળીને ખાખ થઈ ગઈ હતી. ત્યારે મેઘરજ તાલુકાના રોયણીયા જંગલ વિસ્તારમાં પણ બહેડઝ જંગલ વિસ્તારમાં પણ સોમવારના રોજ એક જ દિવસમાં મેઘરજ તાલુકાના રોયણીયા અને બહેડઝના જંગલ વિસ્તારમાં આગ લાગતાં છોડવાઓ તેમજ વનરાજી બળીને ખાખ થઈ જવા પામી છે.



મેઘરજ તાલુકાના બહેડઝ પાસે આવેલ જંગલ વિસ્તારમાં બપોરના સમયે આગ લાગતા અડધા હેક્ટર ચો.મી.માં આગ ફેલાતા વનરાજી બળીને ખાખ થઈ ગઈ હતી. મેઘરજ તાલુકાના વિસ્તારમાં વારંવાર આગ લાગવાના બનાવો બને છે ત્યારે આગ શાનાથી લાગે છે તે બાબતે પ્રજામાં ચર્ચાનો વિષય બન્યો છે.

# કાંકરેજ તાલુકામાં સીડીપીઓની મીટીંગ દરમિયાન આંગણવાડી કાર્યકરની તબીયત લથડતા સારવાર હેઠળ

કાંકરેજ, તા. ૧૧

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકા પંચાયત પરિસરમાં આવેલ સીડીપીઓ ઓફિસમાં આંગણવાડી કાર્યકરોની સમીક્ષા મીટીંગ યોજાઈ હતી. જેમાં સવારે ૧૦.૩૦થી આ મીટીંગ શરૂ કરવામાં આવે છે. અને જુદી જુદી બાબતો અને બાળકો વિશે ચર્ચાઓ કરવામાં આવે છે અને મીટીંગ પૂરી થવાનો કોઈ જ ટાઈમ ન હોવાથી આંગણવાડી બહેનોની હાલત કફોડી બનવા પામે છે. ત્યારે તા. ૧૧-૪-૧૭ના રોજ યોજાયેલ સમીક્ષા મીટીંગમાં તાણાગામની આશાવર્કર પટેલ હેતલબેન હરપિતભાઈની તબીયત અચાનક ચાલુ મીટીંગમાં લથડતા બીજી અન્ય આંગણવાડી બહેનોએ શિહોરી ૧૦૮ને ફોન કરીને બોલાવી શિહોરી સરકારી દવાખાનામાં દાખલ કર્યા હતા અને સારવાર આપવામાં આવી હતી.

જો કે ફરજ ઉપરના ડૉ. માનસુંગભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે પેટના દુઃખાવાના કારણથી તેમની તબીયત લથડી હતી. અત્યારે



તબીયત સારવાર કર્યા બાદ સારી છે અને તેમને સોનોગ્રાફિ કરવાની જરૂર છે. આમ સીડીપીઓના ડેરીંગથી એક આશાવર્કરના આવી ગરમીમાં બુરાહાલ થવા પામ્યા છે. ત્યારે સીડીપીઓ દ્વારા ખબર અંતર પુછવામાં આવ્યા ન હતા અને માનવતા નેવે મુકી પોતાની ખુરશીનો પાવર આશાવર્કરો ઉપર રોફ જમાવતા હોય તેવુ લાગે છે. જો કે આશાવર્કરો-આંગણવાડી કાર્યકરો સામે કાંકરેજ સીડીપીઓ દ્વારા અસભ્ય વર્તન તેમજ હેરાનગતી કરાતી હોવાની પણ બૂમરાડો ઉઠવા પામેલ છે. જો કે મહેકમ ઓછુ હોવાથી ક્લાર્કને વધુ પડતી કામગીરી ભાગમાં આવે છે અને કોમ્પ્યુટર ઓપરેટરો ન હોવાથી સીડીપીઓ પોતાની મનમાની ચલાવી રહ્યા હોવાનું ચર્ચાસ્પદ બનવા પામ્યુ છે.

# માંડલીના યુવાનનો ગુજરાત પ્રદેશ પ્રશિક્ષણ સેલના પ્રમુખ તરીકે વરણી થતાં ખુશીનો માહોલ

મેઘરજ તાલુકાની સરહદે આવેલ સીમલવાડા તાલુકાના માંડલી ગામના નવયુવાન પ્રકાશભાઈ પટેલને ગુજરાત પ્રદેશ પ્રશિક્ષણ સેલના પ્રમુખ તરીકે વરણી કરતાં ગામમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા પન્નાલાલ પટેલના ગામના યુવાનને ગુજરાત પ્રદેશ પ્રશિક્ષણ સેલના પ્રમુખ તરીકે વરણી થતાં સમગ્ર વિસ્તારમાં ખુશીની લહેર જોવા મળે છે. ભારતીય જનતા પાર્ટીના જીતુભાઈ વાઘાણી, યુવા અધ્યક્ષ ઋત્વિજ પટેલ, સંગઠન મંત્રી ભીખુભાઈ દલસાણીયાની સુચનાથી પ્રકાશભાઈ પટેલની ગુજરાત પ્રદેશ




પ્રશિક્ષણ સેલના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. રાષ્ટ્રભક્તિ અને મજબુત સંગઠન માટે પ્રકાશભાઈ પટેલ મહેનત કરી રહ્યા છે. પ્રકાશભાઈ પટેલની નિમણુંકથી સુરત યુવા સંગઠનમાં પણ ખુશીની લહેર જોવા મળી રહી છે.

# પ્રાંતિજ તાલુકામાં હનુમાન મંદિરોમાં હનુમાન જયંતિની ધામધૂમથી ઉજવણી કરાઈ

## હનુમાન મંદિરો ખાતે હવન, હનુમાન ચાલીસા, લઘુરૂદ્ર, સુંદરકાંડ, રામધૂન કાર્યક્રમ યોજાયા

પ્રાંતિજ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં આવેલ હનુમાન મંદિરે હનુમાન જયંતિની ઉજવણી હતી અને દિવસે હવન સહિત હનુમાન ચાલીસા લઘુરૂદ્ર સુંદર કાંડ, રામધૂન જેવાં કાર્યકમો યોજાયા હતાં. પ્રાંતિજ બજારચોક દેસાઈની પોળ સ્થાપક રહિશભાઈ કસ્બાતી દ્વારા હનુમાન ભકતોને દર્શન સહેલાઈથી થઈ શકે તેને માટે પુરતી વ્યવસ્થા કરવામાં આવી હતી અને અહીં



ધામધૂમથી કરવામાં આવી હતી. જેમાં હજારો શ્રધ્ધાળુઓએ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલ શ્રી હનુમાન મંદિર ખાતે હનુમાન જયંતિની મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને મંદિર સંકુલ સહિત રંગબેરંગી લાઈટોથી રોશની કરવામાં આવી હતી. જેમાં મંદિર વ્યવસ્થા ખાતે આવેલ હઠીલા હનુમાન મંદિર ખાતે પણ હનુમાન જયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. યજ્ઞ સહિત દિવસ દરમ્યાન ભજન કિર્તનના કાર્યક્રમ યોજાયા હતા. જયારે પ્રાંતિજના રાસલોડ ખાતે પણ હનુમાન જયંતિની દર વર્ષની જેમ આ વર્ષે પણ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મંદિર વ્યવસ્થા ગાંધીનગર, મહેસાણા, વડોદરા, મુંબઈના દુરદુરથી ભક્તો દર વર્ષની જેમ ઉમટી પડયા હતાં અને દાદાના દર્શન કરી મંદિર સંકુલમાં પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી. જયારે હવન, સુંદરકાંડ, રામધૂન સહિતના કાર્યક્રમો યોજાયા હતાં અને દિવસ દરમ્યાન હજારો હનુમાન ભક્તોએ દાદાના દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

## ભારત કંઈપણ કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

એકવખત ભારે રાજકીય ગરમાવો આવી ગયો છે. આ અગાઉ આજે સંસદમાં ભારતીય નૌ સેનાના પૂર્વ અધિકારી જાદવને પાકિસ્તાની સૈન્ય અદાલત દ્વારા ફાંસીની સજા સંભળાવવાના મુદ્દા ઉપર મોદી સરકાર ખુબ જ આક્રમક તેવર સાથે નજરે પડી હતી. લોકસભામાં ગૃહમંત્રીએ કહ્યું કે, જાદવને સંભાળવવામાં આવેલી આ સજાથી દેશ આખો ચિંતિત છે અને આક્રોશ પણ છે. સરકાર આ સજાની આકરી ટિકા કરે છે. કાનૂન અને ન્યાયના મૂળભૂત સિદ્ધાંતોને નેવે મુકી આ સજા સંભળાવવામાં આવી છે. સરકાર જાદવને બચાવવા માટે જે કંઈપણ કરવું પડે તે કરશે. રાજનાથસિંહે કહ્યું કે, જાદવ નિવૃત્તિ બાદ ઈરાનના ચાબહારમાં નાનો મોટો વ્યવસાય કરતા હતા. એવામાં સ્થાનિક ઈરાની નાગરિક તેમના પાર્ટનર હતા અને વ્યવસાય માટે તેમનો અવારનવાર ચાબહાર આવવા જવાનું થતું હતું. આ દરમિયાન માર્ચ ૨૦૧૬માં પાકિસ્તાની સુરક્ષા એજન્સીઓએ ચાબહારથી તેમનું અપહરણ કર્યું હતું. ગૃહમંત્રીએ સંસદમાં આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું કે, મને એ ખબર પડતી નથી કે, જાદવ પાસેથી અધિકૃત ભારતીય નાગરિક તરીકેનો પાસપોર્ટ મળ્યો હોવાનો દાવો કરવામાં આવે છે તેવા સમયે પાકિસ્તાન જાદવને કેવી રીતે જાસુસ તરીકે વર્ણન કરી શકે. તેમણે કહ્યું કે, ભારતીય દૂતાવાસે ૧૩ વખત જાદવનું કાઉન્સિલ એક્સેસ કરાવવાનો પ્રયાસ કર્યો હતો. આમ છતાં તેમને તે આપવામાં ન આવ્યો. ભારત કાઉન્સિલ એક્સેસ વગર સુનાવણી કર્યા વગર જ જે સજા આપવામાં આવી એની આકરી ટિકા કરાઈ છે. બીજી તરફ રાજ્યસભામાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે પણ આક્રમક અંદાજમાં કહ્યું કે, કુલભુષણ નિર્દોષ છે. તેમનું અપહરણ કરવામાં આવ્યું છે. તેમને એક સુનિયોજિત ષડયંત્રનો ભાગ બનાવવામાં આવ્યો છે. તેમણે પાકિસ્તાનમાં એવું કંઈ પણ કર્યું નથી તેના આધારે ફાંસી સજા આપવાની જાહેરાત કરી શકે. તેમણે કહ્યું કે, હું પાકિસ્તાનને સાફ શબ્દોમાં કહેવા માંગુ છું કે જો કુલભુષણને ફાંસી સજા આપવામાં આવશે તો આ એક સુનિયોજિત હત્યા હશે અને ભારત તેને સહન નહીં કરે. સુષ્માએ એમ પણ સ્પષ્ટ કર્યું કે, પાકિસ્તાનની આ હરકતથી બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો ઉપર પણ અસર થશે. બીજી તરફ પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ દ્વારા ભારતના નિવેદનો સામે ચેતવણી આપવામાં આવી છે કે, પાકિસ્તાન એ શાંતિપ્રિય દેશ છે તે પડોશી દેશો સાથે સારા સંબંધો રાખવામાં માને છે. આમ છતાં પણ જો પડોશી દેશ દ્વારા પાકિસ્તાન પર આક્રમણ કરવાની પેરવી કરવામાં આવશે તો પાકિસ્તાન તેનો વળતો જવાબ આપવા સક્ષમ છે.

## ૨૪ કલાક વિજળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવેલી દરખાસ્તને પણ મંજુરી આપવામાં આવી છે. સરકારે કહ્યું છે કે, ચાર હજાર કરોડની મદદથી પ્રદેશના ૧૮૦૦૦ કિલોમીટર લાંબા રસ્તાઓને ખાડાવગરના બનાવવામાં આવશે. બીજી કેબિનેટ બેઠકમાં ૨૪ કલાક વિજળી આપવા ટ્રાન્સફોર્મર બદલવાના, રસ્તાઓને ખાડા મુક્ત કરવાની સાથે બુંદેલખંડ માટે પાણી યોજના અને ખેડૂતો માટે તેમની ઉપરની સામે યોગ્ય વળતર આપવા અંગે પણ ચર્ચા હાથ ધરવામાં આવી હતી. પ્રદેશમાં આગામી ૧૪મી એપ્રિલના રોજ ૨૪ કલાક વિજળી આપવા માટે એક એમઓયુ પર મુખ્યમંત્રી દ્વારા હસ્તાક્ષર કરવામાં આવશે. ઉત્તર પ્રદેશમાં પહેલી વખત બટાકાના સમર્થન ભાવની જાહેરાત કરવાનો નિર્ણય લેવાતા ખેડૂતોને રાહત મળવાની સંભાવના હવે વધી ગઈ છે. આ સાથે જ ગોરખપુર મેટ્રો અને શ્રમિકોને સસ્તામાં ભોજન આપવાના પ્રસ્તાવ પણ મંજુર કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ આજે મળેલી યોગી કેબિનેટની બીજી બેઠકમાં પાંચ મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા જેમાં નોઈડા, ગ્રેટર નોઈડા, લખનૌ, કાનપુર અને ગાઝિયાબાદ સત્તામંડળમાં ૧૦ કરોડથી ઉપરના કરવામાં આવેલા કામોનું ઓડિટ કરાશે. આ સાથે જ ૧૫મી જૂન સુધી રાજ્યના તમામ રસ્તાઓને ખાડાથી મુક્ત કરાશે. એક અન્ય દરખાસ્તમાં ખેડૂતો પાસેથી ૪૮૭ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવથી બટાકા ખરીદવા અંગેનો પણ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સાથે જ ઓક્ટોબર ૨૦૧૮ સુધીમાં પ્રદેશમાં ૨૪ કલાક વિજળી આપવા અંગે પણ પ્રસ્તાવને મહોર મારવામાં આવી હતી. ૧૪મી એપ્રિલના દિવસે કેન્દ્ર અને યુપી સરકાર વચ્ચે મહત્વનું એમઓયુ કરાશે જ્યારે પ્રદેશમાં ગેરકાયદેસરરીતે ચાલી રહેલી ખાણ પ્રવૃત્તિને રોકવા ખાસ ટાસ્ક ફોર્સ પણ રચવાનો નિર્ણય લેવાયો છે.

## મોદીના નેતૃત્ત્વમાં જ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાવેશ થતો હતો કે જે તાજેતરમાં જ એનડીએમાં સામેલ થયા છે. સતત ભાજપને આંખ બતાવવાવાળી શિવસેના અધ્યક્ષ ઉધ્ધવ ઠાકરે પણ બેઠકમાં હાજર રહ્યા હતા. તેમણે ખુલ્લા મનથી કેન્દ્ર સરકારની ગરીબલક્ષી યોજનાઓ અને મોદીના નેતૃત્વની પ્રશંસા કરી હતી. બેઠકનો શુભારંભ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના સ્વાગત ભાષણથી થયો હતો. જેનું સમાપન પ્રધાનમંત્રીના ભાષણથી થયું હતું. બેઠકની જાણકારી આવતાં કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલીએ જણાવ્યું કે, વર્ષ ૨૦૧૯માં પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં એકસંપ થઈ બીજો કાર્યકાળ જીતવા માટે અમે પ્રસ્તાવ પસાર કર્યો છે. કેન્દ્ર સરકારની લોકપ્રિયતા અને જનસમર્થન સતત વધતા જાય છે. જે પ્રકારે સરકારે વિકટ પરિસ્થિતિઓમાં પણ અર્થવ્યવસ્થાનું સંચાલન કર્યું છે અને ત્રણ વર્ષના કાર્યકાળ દરમ્યાન ભ્રષ્ટાચારના કલંકથી મુકત છે તે જોતાં એનડીએ સરકારે સૌકોઈના મનમાં એક સ્થાન બનાવ્યું છે.

## ખંડેર હાલતમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બિનઉપયોગી બન્યા છે. સેકટરોમાં મોટાભાગના મકાનો ખાલી પડયા છે. દાયકાઓ જુના સરકારી આવાસો સેકટરોના ચિત્રને કંગાળ બનાવી દિધુ છે. એકબાજુ સેકટરોમાં નવા સરકારી આવાસો બાંધવા માટે કામ પ્રગતિ હેઠળ છે. સે- ૨૯ અને સે -૭ માં કોર્પોરેટ લુક ધરાવતા આવાસો તૈયાર કરી દેવાયા છે. આગામી જુલાઈ મહીનામાં આ આવાસોનુ કામ પુર્ણ કરી દેવાશે. પરંતુ સેકટરોમાં નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ પણ હજુ મોટાભાગના સરકારી આવાસો ખંડેર ભાસી રહયા છે. જોખમી અને બિનઉપયોગી આવાસોના મજબુતીકરણનુ કામ પણ હાથ ધરાતુ નથી. વર્ષોથી જોખમી ભાસતા મકાનોનુ ત્વરિત રીનોવેશન કરવામાં આવે તેવી સ્થાનિક રહીશોમાં માંગ ઉઠવા પામી છે. સે-૨૯ માં ઘ કક્ષાનો બ્લોક નં-૬૮ છેલ્લા ઘણાં સમયથી ભયજનક હાલતમાં હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

## ચિંતન શિબિર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર ઉપરાંત અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, સુરેન્દ્રનગર, બોટાદ, ખેડા, આણંદ, મહિસાગર, દાહોદ અને ગોધરાના પ્રતિનિધિઓ જોડાશે.

મળતી વિગતો પ્રમાણે ૧૩મીએ અમદાવાદમાં, ૨૦મીએ સુરતમાં અને ૨૭મીએ પાટણ ખાતે આવી શિબિર યોજવામાં આવશે. આ શિબિરમાં ભાગ લેવા સ્વૈચ્છિક સંસ્થાઓને પણ નિમંત્રણ આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે. આ ઉપરાંત ડી ગ્રેડ મેળવનાર શાળાઓના મુખ્ય શિક્ષકોને હાજર રહેવા પણ જણાવાયું છે.

## હેલ્લો ફ્રેન્ડસ્

● ૪ પોનાનું ચાલુ...

લૂંછીને, કોઈ અંધને રસ્તો ઓળંગીને કે કોઈના ઘાને રૂઝ આવે એવાં શબ્દો બોલજો. જો તમે આમ કરશો તો બધાંને દેહવ્યાપી રૂપે અમરત્વ મેળવીશ.'

**- રોબર્ટ એમ ટેસ્ટ,**

**ભાવાનુવાદ ડૉ. વસંત પરીખ**

બંને દાખલાનો સીધો સરળ જવાબ એટલે દેહદાન કે નેત્રદાન... હમણાં જ ગુજરાતી સાહિત્યના બે વિરલા મૃત્યુ પામ્યા, તારક મહેતા અને ચિનુ મોદી, બંને દેહદાન કરતાં ગયા... તમારે જો મર્યા બાદ પણ આ દુનિયા નિહાળવી છે તો નેત્રદાન કરો...

**ચૂંટલો :**

આ દુનિયામાં કોઈ સંપૂર્ણ સંસ્કારી નથી હોતું. 'અંતિમ સંસ્કાર' હંમેશા બીજા આપે છે. આપણે દેહદાન કે નેત્રદાન થકી વધુ સંસ્કારી ઉજળા કરી શકીએ. જુઓ આ સંદીપ વસાવાનો શેર પણ શું હે છે,

**એ આશિકો ! દિલ ઔર**
**જાં તુમ ખૂબ દેતે હો,**
**જીસકો જરૂરત હે ઉસે**
**આંખે ભી તો તુમ દો!**